**પોલીસ ખાતા માટે બિન રહેણાંકના મકાનોના બાંધકામ માટેની નવી સેવાને વહીવટી મંજૂરી આપવા બાબત.**

**સને ૨૦૧૪-૧૫(આયોજન હેઠળ)**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૪/૫૧૧/લ**
સચિવાલય, ગાંધીનગર,
**તા. ૧૩/૮/૨૦૧૪**

## વંચાણે લીધો:

૧. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગરનો તા.૧૬/૬/૨૦૧૪નો પત્ર નં.ઇ/મકન-૧/૨૦૧૪-૧૫./૧૨૬૬/૨૦૧૪.

## પ્રસ્તાવના :-

પોલીસ ખાતા હેઠળ રાજ્યમાં પોલીસ ખાતાના બિન રહેણાંક મકાનો જેવાકે. પોલીસ સ્ટેશન, તાલીમ શાળા તથા જરૂર પડે નવા સાત જિલ્લાઓમાં કચેરીઓના મકાનના બાંધકામ માટે આયોજન હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ માટે પોલીસ ખાતાના બિન રહેણાંક મકાનોના બાંધકામ માટે રૂ.૧૨૦૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

# ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રીએ રાજ્યમાં પોલીસ ખાતાના ઉપયોગ સારૂ બિન રહેણાંક મકાનોના બાંધકામ માટે રૂ. ૧૨૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇને વર્ષ ૨૦૧૪-૧૫માં નવી સેવા' તરીકે નીચે જણાવેલ શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે

(૨) પ્રસ્તુત કામ માટે પ્રર્વતમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર (સુપ્રત)કરવાની રહેશે

(૬) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રર્વતમાન SOR મુજબ નકશા અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૭) બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૮) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરિયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે, અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યાબાદ જ વર્ક ઓર્ડર આપવાનો રહેશે.

(૯) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી મેળવી લેવાની રહેશે.આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંભ થવાનું જણાયતો વર્ક ઓર્ડર આપતા પહેલા જરૂરી ચોકસાઇ કરી લે રહેશે.

(૧૦) આ કામની ડીઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલી કરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવની રહેશે.

(૧૨) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરી થી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૩) આ બજેટ જોગવાઇ સામેના કામો સમયસર પૂર્ણ થાય તે જોવાની જવાબદારી મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની રહેશે.

(૧૪) વિભાગ દ્વારા સૂચિત યોજના અંગેનું અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે તેમજ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ યોજનાનો મૂળ હેતું જળવાઇ તે રીતે પારદર્શક અમલ કરવાનો રહેશે.

(૧૫) અંદાજીત રકમમાં જો વધારો થાયતો નાણાં વિભાગની મંજૂરી અચૂક પણે લેવાની રહેશે. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ દર ત્રણ મહીને આ અંગેની રકમમાંથી કરવામાં આવતા ખર્ચની અને તે દ્વારા થનાર બાંધકામની વિગતવાર માહિતી આપતા પત્રકો જતે ત્રિમાસિક સમયગાળો પૂર્ણ થાય તે પછીના મહિનાની ૧૦મી તારીખ સુધીમાં વિભાગની **'લ' શાખા તથા 'ર'- બજેટ શાખાને** મોકલી આપવાના રહેશે. આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ સુધારવાનો રહેશે તેમજ વર્ષ ૨૦૧૪-૧૫માં મંજૂર થયેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે.

માંગણી ક્રમાંક:　　૪૬(આયોજન)
મુખ્ય સદર:　　૪૦૫૫ પોલીસ અંગે મૂડી ખર્ચ જોગવાઇ
ગૌણ સદર:　　(૨૧૧) પોલીસ
પેટા સદર:　　(૦૩) બિન રહેણાક મકાનોનું બાંધકામ
હેડ ચાર્જેબલ:　　૪૦૫૫ ૦૦ ૨૧૧ ૦૩
કોમ્પ્યુટર કોડ નં-　　૧૧૪૬૧૭
સ્કીમ કોડ નં -

આ ગ્રાન્ટ માંથી થયેલ ખર્ચના વાઉચર નંબર, તારીખ અને તિજોરી કચેરીથી મેળવીને તેના ખર્ચના હિસાબોનું મેળવણું કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૭/૮/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(બી.વી.રાઠવા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને મેનેજીંગ ડીરેકટર ગુજરાત પોલીસ આવાસ નિગમ.લી. ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (ગૃહ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ, ક શાખા, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારી ગાંધીનગર/અમદાવાદ.
- સબંધિત જિલ્લા તિજોરી અધીકારીશ્રીઓ.
- વીમા નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગર.
- વિભાગની, બજેટ,જ,વ,સ,અ,ઇ-૧,ટ,ફ શાખાઓ.
- શાખા સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.